તાપમાન
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૫૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૦ ૨૦ જૂન, ૨૦૧૬, સોમવાર ; જેઠ સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પૂર્વોત્તરમાં કોંગ્રેસના સફાયાની ભાજપની રણનીતિ

### આસામમાં જીત બાદ અન્ય રાજ્યો ઉપર નજર : પૂર્વોત્તરના આઠ રાજ્યોમાંથી મોટાભાગની લોકસભા બેઠકો જીતવા અમિત શાહની રણનીતિ તૈયાર કરાશે

નવીદિલ્હી,તા. ૧૯

આસામમાં જીતની સાથે જ ભાજપના નેતૃત્વમાં એનડીએ કોંગ્રેસ મુક્ત ભારતના પોતાના સંકલ્પની સાથે વધુ ઝડપથી આગળ વધવા માટે તૈયાર છે. ભાજપ આગામી ટાર્ગેટ તરીકે પૂર્વોત્તરને કોંગ્રેસ મુક્ત કરવા ઈચ્છુક છે. વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પાર્ટીનો હેતુ આ ક્ષેત્રની ૨૫ બેઠકો પૈકી ૨૦ સીટ હાંસલ કરવાનો રહ્યો છે. આસામમાં ભાજપના ચહેરા રહી ચુકેલા હિંમત વિશ્વ શર્માનું કહેવું છે કે, પાર્ટી કોંગ્રેસને પૂર્વોત્તરમાંથી ખતમ કરવા માટે તૈયાર છે. લોકસભા ચૂંટણીમાં હજુ સમય છે પરંતુ પાર્ટીએ આ રીતે પણ કામ શરૂ કરી દીધું છે. ભાજપે પૂર્વોત્તર રાજ્યોમાં આવનારી ચૂંટણી માટે રણનીતિ બનાવવાની શરૂઆત કરી દીધી છે. આસામમાં પાર્ટીની જીતના ચહેરા રહી ચુકેલા હિંમત વિશ્વ શર્માની નજર હાલના દિવસોમાં આસામથી બહાર પાર્ટીની જીત માટે માહોલ તૈયાર કરવા માટેની છે. કેન્દ્રમાં ભાજપ સત્તામાં આવ્યું ત્યારે પૂર્વોત્તરના આઠ રાજ્યોમાંથી પાંચમાં કોંગ્રેસની સરકાર હતી. હવે બે રાજ્ય અરુણાચલ અને આસામમાંથી તેની સત્તા જઈ ચુકી છે. કોંગ્રેસ મુક્ત પૂર્વોત્તર માટે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે નોર્થ ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સ નામથી એક નવા ગઠબંધનની રચના કરી છે. તેના કન્વીનર તરીકે શર્માની પસંદગી કરવામાં આવી છે.



પૂર્વોત્તર રાજ્યોમાંથી કઈરીતે કોંગ્રેસને પદભ્રષ્ટ કરવામાં આવશે તેના ઉપર કામ ચાલી રહ્યું છે. અમિત શાહ માને છે કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષો ૨૫માંથી ૨૦ બેઠકો જીતી લેશે. શર્માનું કહેવું છે કે, મેઘાલય, નાગાલેન્ડ અને મિઝોરમમાં અમારા સાથીઓની સરકાર છે. અમે અમારા સાથીઓને જીત મેળવવાની તક આપીશું પરંતુ ત્યાં પણ અમે જ જીતીશું. આ રાજ્યોમાં અમે કોંગ્રેસની જગ્યા લઈશું. અરુણાચલ, મણિપુર અને ત્રિપુરામાં અમે ગઠબંધનનું નેતૃત્વ કરીશું. કારણ કે ત્યાં અમે પોતાનીરીતે સરકાર બનાવવાની સ્થિતિમાં છે. અમારો ઉદ્દેશ્ય કોંગ્રેસની મત હિસ્સેદારીને ભાજપમાં લાવવાનો છે. કોંગ્રેસને પૂર્વોત્તરથી બહાર કરવા કમર કસી લેવામાં આવી છે. પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ખ્રિસ્તી સમુદાયના લોકો વધારે છે પરંતુ આ રાજ્યોમાં આદિવાસીઓ પણ છે. આદિવાસીઓ સાથે અમે પહેલા પણ કામ કરી ચુક્યા છે.

## જન્મ દિવસે મોદીની રાહુલને શુભેચ્છા

નવીદિલ્હી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીને તેમના ૪૬માં જન્મ દિવસે શુભેચ્છા પાઠવી હતી. ટ્વિટર ઉપર અભિનંદન સંદેશ આપતા મોદીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી સ્વસ્થ અને લાંબુ આયુષ્ય જીવે તેવી હું પ્રાર્થના કરું છું. બીજી બાજુ કોંગ્રેસના કાર્યકરોએ પણ આજે રાહુલ ગાંધીના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી હતી. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન જુદી જુદી જગ્યાઓએ કરવામાં આવ્યું હતું.

## હવે બાય વન ગેટ વન ફ્રી જીએસટી હેઠળ આવશે

નવીદિલ્હી, તા. ૧૯

જીએસટીને અમલી બનાવને લઈને હિલચાલ ચાલી રહી છે ત્યારે લોકપ્રિય બાય વન ગેટ વન ફ્રી અને ખરીદીની સાથે ફ્રી સેમ્પલ અને ગિફ્ટની ઓફરને જીએસટી હેઠળ આવરી લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જીએસટીને આગામી વર્ષથી અમલી કરવા માટેનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. ટેક્સ નિષ્ણાતોનું કહેવું છે કે, છેલ્લા સપ્તાહમાં જીએસટી કાયદો અમલી બનાવવાને લઈને હિલચાલ ચાલી રહી હતી. મોડેલ જીએસટી કાયદાની કલમ ત્રણ હેઠળ પરિભાષા પણ નક્કી કરવામાં આવી ચુકી છે. જીએસટી હેઠળ ખરીદદારોને મફતમાં મળેલી ચીજવસ્તુઓ અંગે જીએસટી ચુકવણીની જરૂર પડશે.

## દેશના ૨૭ ઉચ્ચ અધિકારીને ખુલ્લા પાડવા સ્વામીની યોજના

### રાજન બાદ સુબ્રમણ્યમ સ્વામીના નવા ટાર્ગેટ તૈયાર : સોનિયા ગાંધી-ચિદમ્બરમના વિશ્વાસુ રહેલા અને વિવિધ મંત્રાલયમાં સક્રિય અધિકારીઓના નામ હવે જાહેર કરાશે




નવીદિલ્હી, તા. ૧૯

રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજન સામે જોરદાર ઝુંબેશ ચલાવ્યા બાદ હવે સુબ્રમણ્યમ સ્વામીની નવી ટાર્ગેટ યાદી તૈયાર થઈ ચુકી છે. સુબ્રમણ્યમ સ્વામીનું કહેવું છે કે, હવે ૨૭ અધિકારીઓને ટાર્ગેટ બનાવવાની યોજના છે. સ્વામીએ આજે સવારે એમ કહીને અધિકારીઓમાં ખળભળાટ મચાવી દીધો હતો કે તેઓ ટુંકમાં જ એવા અધિકારીઓની યાદી જારી કરશે જે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના બિલકુલ નજીકના લોકો છે. સ્વામીએ ટ્વિટર ઉપર કહ્યું છે કે, તેમની આગામી યોજના જુદા જુદા મંત્રાલયોમાં કામ કરી રહેલા અને ટીડીકેના આશરે ૨૭ અધિકારીઓ અંગે ખુલાસો કરવાનો છે. આ તમામની પસંદગી પી ચિદમ્બરમ દ્વારા કરવામાં આવી હતી. ૨૭ અધિકારીઓને ખુલ્લા પાડવા માટે હવે તૈયારી હાથ ધરવામાં આવી છે. ચિદમ્બરમ દ્વારા આ તમામ ઉપર પ્રભુત્વ રહેલું છે. શનિવારે લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત લાવીને રઘુરામ રાજને સ્પષ્ટતા કરી હતી કે તેઓ હવે આરબીઆઈના ગવર્નર તરીકે બીજી અવધિમાં રહેશે નહીં.

## એનએસજી મુદ્દે ચીને વિરોધ કર્યો જ નથી : સુષ્મા

### એન્ટ્રીના મામલે પ્રક્રિયાના માપદંડ પર ચીને ધ્યાન આપ્યું છે : પાકિસ્તાન સાથે વિદેશ સચિવ સ્તરની વાતચીત રદ થઇ નથી પરંતુ આતંકવાદ અને મંત્રણા એક સાથે ચાલી શકે નહીં : સુષમાએ સરકારની સિદ્ધિ ગણાવી



નવીદિલ્હી,તા. ૧૯

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આજે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, ચીને એનએસજીમાં ભારતની એન્ટ્રીનો વિરોધ કર્યો નથી. સુષ્માએ કહ્યું હતું કે, એનએસજીમાં ભારતની એન્ટ્રીના મામલામાં બેજિંગ પ્રક્રિયાના માપદંડ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. મોદી સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે વિદેશ નીતિની સિદ્ધિઓ અંગે માહિતી આપતા સુષ્મા સ્વરાજે પત્રકાર પરિષદ યોજી હતી જેમાં આ ગાળા દરમિયાન હાસલ કરવામાં આવેલી સફળતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે વિદેશ મામલાઓના સચિવ એસ જયશંકર એનએસજીમાં ભારતની એન્ટ્રીના દાવાને મજબૂત કરવા હાલ ચીનમાં છે. દુનિયાભરમાં પરમાણુ ટેકનોલોજી ઉપર અંકુશ

● અનુસંધાન પાન-૫ પર

## રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતા

અમદાવાદ,તા. ૧૯

ડાંગ સહિત ગુજરાતના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ છે. બીજી બાજુ ઉત્સુકતાપૂર્વક હજુ પણ મોનસુનની રાહ જોવામાં આવી રહી છે. પ્રવાસી સ્થળ સાપુતારામાં પણ ઝરમરિયો વરસાદ પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ અમદાવાદ સહિત ગુજરાતભરમાં ગરમીના પ્રમાણમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે.

અમદાવાદમાં આજે પારો ગગડીને ૩૪.૪ સુધી નીચે પહોંચી ગયો હતો જે ગઈકાલે ૪૦.૬ ડિગ્રી રહ્યું હતું. આનો મતલબ એ થયો કે વાદળછાયુ વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાનમાં છ ડિગ્રીની આસપાસનો ઘટાડો થયો છે. એકાએક બિલકુલ ઓછી ગરમીનો અનુભવ આજે લોકોએ કર્યો હતો. ગુજરાતના વિવિધ ભાગોમાં હળવા વરસાદ અથવા તો ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ૨૦૧૫-૧૬ની બજેટ જોગવાઈઓ પછી પણ સરકાર ખર્ચ કરી શકી નથી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભાના વિપક્ષી દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે ભાજપની સરકારે વર્ષ ૨૦૧૫-૧૬માં વિકાસશીલ યોજનાઓની જાહેરાત પછી પણ ખર્ચ નહિ કરી અને પ્રજા સાથે અન્યાય કર્યો છે તેમ જણાવ્યું છે.

તેમણે જણાવ્યુ છે કે ૧૪ ટકા જેટલી રકમ સરકારે બજેટની જોગવાઈની વાપરી નથી. તેમજ ૧૬ ટકા જેટલી આયોજન ખર્ચની રકમના વાપરવાને કારણ રાજ્યનો સામાજિક અને આર્થિક વિકાસ ઘટ્યો હોવાનો ગંભીર આક્ષેપ પણ તેમણે તેમના આ નિવેદનમાં કર્યો છે.

શ્રી રાજપૂતે ‘કેગ ઈન્ડિયા’ વેબ સાઈટની માહિતીનું વિશ્લેષણ કરતાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં ભાજપની સરકારે યોજનાકીય ખર્ચ પેટે રૂ. ૬૬૪૮૨ કરોડના અંદાજ સામે રૂ. ૫૬૨૭૭ કરોડનું જ ખર્ચ કરેલ છે. એટલે કે સરકારે કુલ રકમના ૧૫.૮૧ ટકા યોજનાકીય રકમનો ખર્ચ કરેલ નથી.

તેમણે જણાવ્યુ હતુ કે બજેટ સમયે ભાજપની સરકારે અંદાજે કુલ રૂ. ૧,૩૭,૬૧૧ કરોડના બજેટમાંથી રૂ. ૧૮૩૪૭ કરોડનું બજેટ વાપર્યુ જ નથી. એવી જ રીતે મહેસુલી ખર્ચ માટેની જોગવાઈના ૧૨ ટકા જેટલી રકમનો ખર્ચ જ કર્યો નથી.

મહેસુલી આવકો અંગે શ્રી રાજપૂતે જણાવ્યુ છે કે અંદાજેલ રૂ. ૧,૦૯૨૦૫ કરોડની સામે ૧૧ ટકા આવક ઘટી પ્રાપ્ત થઈ છે. જો કે ૩૨ આવકો અંદાજેલ પ્રાપ્ત સામે ૯૬ ટકા પ્રાપ્ત કરી હતી. જ્યારે બિનકટ આવકો ૯૨ ટકા જેટલી પ્રાપ્ત થઈ હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225




ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. ભીખાભાઈ કચરાભાઈ વાળંદ**
સ્વર્ગવાસ તા. ૨૦/૬/૨૦૧૫, ગામ - કોબા

સ્વજન ગુમાવ્યાની વેદનાં શબ્દોમાં સમાતી નથી,
તમે હતા તો અમને હુંફ હતી,
તમારી હયાતી અમારું આત્મબળ હતું.
જીવન એવું જીવી ગયા કે સદા સૌ યાદ કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
શું આપીએ પુષ્પાંજલિ, પુષ્પો ઓછા પડે છે.
કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય કાળજુ કંપાવી ગઈ,
મન હજુ માનતું નથી કે, તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

ગં.સ્વ. લીલાબેન ભીખાભાઈ વાળંદ પરિવાર સહ
યોગેશકુમાર બી. નાયી (એડ/નોટરી) (સરપંચ, કોબા)
રાકેશભાઈ બી. નાયી, હેતલબેન, સુનિતાબેન
તેજલબેન (પુત્રવધુ), જયશ્રીબેન (પુત્રવધુ)
દિવ્યાંશુ, હેલીબેન, પ્રિયાંશુ-વેન્સી

Save Girl Child
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
CHIPS Express Pvt Ltd
કેરીનો રસ મોકલી આપશું
પ્રિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, ક્લોલ
M.: 9227706105, 9898036257
અટરીયા-ઇ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

STOCK MARKET LEADER REQUIRED FOR NEW OFFICE AT INFOCITY / SECTOR - 21
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 2 Post - Male
Deserving Candidate will get best salary package.Walk with full CV.
Bestboi Fin Solution AP of Kotak Securities Ltd.
F-13, Meghmalhar, Sector-11
Opp CNG pump, G'nagar. 9974703401
Mail : bestboi123@gmail.com

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ભણતર માટે સ્કૂલમાં એડમિશન લઈ લીધું, ઘડતર માટેની સ્કૂલમાં Admissions Open
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
છેલ્લી તારીખ 30 જૂન, ૨૦૧૬ ગુરુવાર
CULTURAL SCHOOL OF MUSIC — સર્ટિફિકેટ કોર્સ, જુલાઈ-૨૦૧૬ થી ચાર મહિના, કુલ ૫૩ દિવસ; પ્રવેશ માટે યોગ્યતા: ૧૪ વર્ષથી વધુ વય
CULTURAL SCHOOL OF PERSONALITY DEVELOPMENT — સર્ટિફિકેટ કોર્સ, જુલાઈ-૨૦૧૬ થી ચાર મહિના, કુલ ૫૪ દિવસ; પ્રવેશ માટે યોગ્યતા: ૧૪ વર્ષથી વધુ વય
CULTURAL SCHOOL OF ACTING — સર્ટિફિકેટ કોર્સ, જુલાઈ-૨૦૧૬ થી ચાર મહિના, કુલ ૫૪ દિવસ; પ્રવેશ માટે યોગ્યતા: ગ્રૃપ ‘A’ ૮ થી ૧૪ વર્ષ અને ગ્રૃપ ‘B’ ૧૫ વર્ષથી વધુ
CULTURAL SCHOOL OF DRAWING & PAINTING — સર્ટિફિકેટ કોર્સ, જુલાઈ-૨૦૧૬ થી ચાર મહિના, કુલ ૫૪ દિવસ; પ્રવેશ માટે યોગ્યતા: ૮ થી ૧૪ વર્ષ અને ૧૫ વર્ષથી વધુ
CULTURAL SCHOOL OF DANCE — સર્ટિફિકેટ કોર્સ, જુલાઈ-૨૦૧૬ થી ચાર મહિના, કુલ ૫૫ દિવસ; પ્રવેશ માટે યોગ્યતા: ૧૪ વર્ષથી વધુ વયના ભાઈ-બહેનો
વધુ વિગતો તથા એડમિશન ફોર્મ મેળવવાનું અને પરત કરવાનું સરનામું : 684/1, સેક્ટર-8, ગાંધીનગર. ફોન : 079-23222571, 23237571